**Extra No. 92**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]** **THURSDAY, APRIL 2, 2026 / CHAITRA 12, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬. ના જાહેરનામા ક્રમાંકઃ (જીએન-૮)એફડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૪/૨૦૨૩/૧૮૪૯/ઘ(ડીએટી-એસ્ટાબ્લિશમેન્ટ).નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Regarding***

**The Director, class I, in the Gujarat Accounts Service, Recruitment Rules, 2026**

**ગુજરાત હિસાબી સેવામાં, નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૨૬ સંબંધી**

**જાહેરનામું**

**નાણા વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ (જીએન-૮)એફડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૪/૨૦૨૩/૧૮૪૯/ઘ(ડીએટી-એસ્ટાબ્લિશમેન્ટ):-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત હિસાબી સેવામાં, નિયામક, વર્ગ-૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો, ગુજરાત હિસાબી સેવામાં, નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો 'નિયામક' એટલે આ નિયમો સાથે જોડેલ એનેક્ષર-૧-માં સમાવિષ્ટ જગા.

૩. ગુજરાત હિસાબી સેવામાં, નિયામક, વર્ગ-૧ની જગા પરની નિમણૂક, જેણે,-

(૧) ગુજરાત હિસાબી સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ-૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અથવા

(૨) ગુજરાત હિસાબી સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ-૧ના સંવર્ગમાં કામ કરી રહ્યા હોય અને સંયુક્ત નિયામક, વર્ગ ૧ અને નાયબ નિયામક, વર્ગ ૧ની જગા પરનો ઓછામાં ઓછો આઠ વર્ષનો સંયુક્ત અનુભવ ધરાવતો હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારીની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

- તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર "ઘણા સારા"નો આધારચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા- ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે;

**એનેક્ષર-૧**

**(જુઓ નિયમ ૨)**

| **અનુક્રમાંક.** | **જગાનું નામ** |
|---|---|
| ૧. | નિયામક, હિસાબ અને તિજોરી, ગાંધીનગર. |
| ૨. | નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર. |
| ૩. | નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર. |
| ૪. | નિયામક, પગાર ચકાસણી, ગાંધીનગર. |
| ૫. | મુખ્ય હિસાબી અધિકારી અને નાણાકીય સલાહકાર, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ. |
| ૬. | નાણાં નિયંત્રક, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર |

૭. નાણાકીય નિયંત્રક અને મુખ્ય હિસાબ અધિકારી, ગુજરાત મેરીટાઇમ બોર્ડ, ગાંધીનગર.

૮. નાણાં નિયંત્રક, ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

૯. નાણાં નિયંત્રક, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ, ગાંધીનગર.

૧૦. મુખ્ય જનરલ મેનેજર (હિસાબ/નાણાં), સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, ગાંધીનગર.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સપના વી રાણા,**

સરકારના નાયબ સચિવ.

---



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.06.05 10:12:53 IST